# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તાઃ ૧/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરની લેડિઝવિંગનું ડેલિગેશન હજીરાસ્થિત કૃભકોની મુલાકાતે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડિઝવિંગના ચેરપર્સન શ્રીમતી અંજલી શાહના નેતૃત્વ હેઠળ પાસ્ટ ચેરપર્સન્સ અને સભ્યોના એક ડેલિગેશને સર્વપ્રથમવાર હજીરા બેલ્ટમાં આવેલી કૃષક ભારતી કો.ઓ.લિ.ની મુલાકાત લઈને બાયો ફર્ટિલાઈઝર વિષેની જાણકારી મેળવી હતી.

કૃભકોના એચઆરડી વિભાગના સીનિયર મેનેજર શ્રી પ્રવિણભાઈ તિવારીએ ડેલિગેશનને આવકાર આપીને દેશના ખાતર ઉત્પાદનના ૩૫ ટકા ઉત્પાદન કરનારા એશિયાના સૌથી મોટા પ્લાન્ટ વિશે વિસ્તૃત જાણકારી આપી હતી.ઓમાન ખાતે પણ કૃભકોનો બાયોફર્ટીલાઈઝરનો પ્લાન્ટ પણ શરૂ થયો છે અને કૃભકો ધ્વારા એમ.બી.એના ૧૫૦ થી ૨૦૦ વિદ્યાર્થીઓને અપાઈ રહેલી વોકેશનલ ટ્રેનિંગની માહિતી પણ આપી હતી.

કૃભકોના ડે.મેનેજર (લેબ) શ્રીમતી નિતાબેન નાયકે યુરિયા પ્લાન્ટની કંટ્રોલ સિસ્ટમ અને પ્રોડકશનની જાણકારી ડેલિગેશનને પ્લાન્ટમાં લઈ જઈને આપી હતી.મેનેજર(લેબ) શ્રી ઉમેશચન્દ્ર મિશ્રાએ બાયોફર્ટીલાઈઝર પ્લાન્ટ,બાયો રીસર્ચ સેન્ટર અને તાપમાન,પ્રકાશ અને ભેજને નિયંત્રિત કરીને જયાં વર્મિકમ્પોસ્ટ ખાતર બને છે એ ગ્રીન હાઉસની સવિસ્તર સમજ આપી હતી.તેમણે કહયું હતું કે,દેશની ૭૫ ટકા મહિલાઓ ખેતી સાથે સંકળાયેલી છે જેમાં શહેરી મહિલાઓ પણ કિચન ગાર્ડનિંગ ધ્વારા સંકળાયેલી છે ત્યારે ખાતરના ઉપયોગ અને ઉત્પાદન વિશે જાણકારી જરૂરી છે.

ડેલિગેશને રીસર્ચ સેન્ટરમાં પ્રયોગો માટે રાખવામાં આવેલા ફુલ છોડોમાં જૈવિક ખાતરની ફળદ્રૃપતા ઉપર થતી અસરનું અવલોકન પણ કર્યુ હતું.ગ્લોબલ વોર્મિંગની અસરને ધ્યાનમાં રાખીને પણ જો રાસાયણિક ખાતરને બદલે જૈવિક ખાતરનો ઉપયોગ થાય તો તેનો ફાયદો મળી શકે છે,વળી એ જૈવિક ખાતર ઈકો ફ્રેન્ડલી હોવાથી પર્યાવરણની રક્ષામાં પણ મહત્વનું ગણાશે.

ડેલિગેશને કૃભકોના ગેસ આધારિત પાવર પ્લાન્ટની તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ વિશેની જાણકારી પણ મેળવી હતી.તેમણે કૃભકોના કર્મચારીઓના અભિનયવાળી કૃભકોના પ્લાન્ટની જાણકારી આપનારી ડોકયુમેન્ટરી પણ નિહાળી હતી.જૈવિક ખાતરના ઉપયોગથી થતાં ફાયદાઓની માહિતી મેળવી હતી.

આ માહિતીપ્રદ મુલાકાતને અંતે લેડિઝવિંગના કો.ચેરપર્સન શ્રીમતી રેશ્મા માંડલેવાળાએ કૃભકોના મેનેજમેન્ટનો આભાર માન્યો હતો.